વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૩ : અંક - ૮-૯ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : નવે. ૬, નવે. ૨૨, ૨૦૨૫

# ઈલાબહેનની પ્રાર્થના સભા



**'સેવા'ના સભ્યોની ઈલાબહેનને સલામ**

શ્રમજીવી બહેનોને પોતાના કામની ઓળખ અપાવનાર અને તેમના ઉજ્જ્વળ જીવન માટે અથાગ પ્રયાસો કરનાર ઈલાબહેનની ત્રીજી પુણ્યતિથિ ૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ 'સેવા' ચોકમાં પ્રાર્થના સભા રાખવામાં આવી. જેમાં, સેવાના પ્રધાનમંત્રી, 'સેવા'ના જુના આગેવાન બહેનો, 'સેવા'ના કાર્યકર બહેનો, ભગિનિ સંસ્થાના સંગઠક અને રાજ્યોના સેવા સંગઠક આવેલા તેમનો પરિચય આપતાં સેવાના ઉપપ્રમુખ હિનાબહેને સૌનું સ્વાગત કર્યુ.



**‘સેવા’ના ૫૦ વર્ષની ઉજવણી દિને સેવાનો પાયો નાંખતી મિટીંગ ઇલાબહેને કરેલી તે જ જગ્યાએ ‘સેવા’નું પ્રતિક ‘વડલો’ રોપતા ઇલાબહેન**

લોકમાન્ય તિલક બાગમાં ‘સેવા’ના ૫૦ વર્ષની ઉજવણી દિને રોપેલ વડલા પાસે જ્યાં ઇલાબહેને ‘સેવા’નો પાયો નાખ્યો એ જગ્યાએ બહેનો સાથે પહેલી મિટીંગ કરી હતી ત્યારે ‘સેવા’ની શરૂઆત થઇ તે જગ્યા. હાલમાં ત્યાં ઇલાબહેનની તક્તી મુકેલી છે જ્યાં આજના દિને ‘સેવા’ના સૌ બહેનોએ ભેગા મળીને સર્વધર્મ પ્રાર્થના ‘બેન’ને યાદ કરીને વડલાની પૂજા કરી. ઇલાબહેને ‘સેવા’ના વારસાને જે રીતે આગળ વધાર્યો છે તેવી જ રીતે ‘સેવા’ના બહેનો તમામ મુશ્કેલીઓને દૂર કરીને એક સાથે મજબૂતીથી આગળ લઇ જઇ રહ્યા છે.

‘સેવા’ના મંત્રી અનિષાબહેને ઇલાબહેનના સુંદર અવાજમાં ‘‘શાંતિ કા વાધ્ય બના તુ મુજે’’ પ્રાર્થના બેનના અવાજમાં સંભળાવી અને આજના દિવસની ઉજવણી કાર્યક્રમને આગળ વધાર્યો.

‘સેવા’ના પ્રમુખ રમીલાબહેને આવેલા મહેમાન કેથીબહેનને સુતરની આંટી પહેરાવીને સ્વાગત કર્યું. રીજનલ ઓફિસર આઇ.યુ.એફ. એશિયા પેસિફિક દિલ્હીથી આવેલા શ્રૃતિબહેનનું સ્વાગત કારોબારીના સભ્ય પિનાકીનીબહેને આંટી પહેરાવીને કર્યુ.

આજના દિવસે ‘સેવા’ના પ્રધાનમંત્રી જ્યોતિબહેને ઇલાબહેન સાથેની યાદગાર પળોને વાગોળતા કહ્યું કે, ‘સેવાચોક’ એ જગ્યા છે જ્યાં ઇલાબહેન બેસીને દર મહિને સેવા બૌધિકશાળા (સ્વાધ્યાય) કરતાં હતા. આ જગ્યા પર બેસીને જુદા જુદા વિષયો જેમાં મૂલ્યો, લીડરશીપ, પર્યાવરણ, અર્થતંત્ર ઉપર ૨૮ જેટલી બૌધિકશાળા કરી છે અને આપણને બધાને વિચારતા કરવા માટે મજબૂર કરતાં. વિચારતા શીખો... આપણા રોજિંદા કામમાં જે ઉપયોગી થાય એવા વિચારો કરતા થાઓ, એમ ઇલાબહેન કહેતા. એટલા માટે આ જગ્યા આપણા માટે યાદગાર છે.




**ઈલાબહેન સાથેની યાદગાર પળોને વાગોળતા ‘સેવા’ના પ્રધાનમંત્રી જ્યોતિબહેન**

આઈ.યુ.એફ. જે ગ્લોબલ યુનિયન ફેડરેશન છે જેની મુખ્ય ઓફિસ જીનિવામાં છે. તેની અને આઈ.યુ.એફ. એશિયા પેસિફિક સાથે સેવા એફીલીયેટ છે. ૨૦૨૩માં તેની કોંગ્રેસ થઈ હતી ત્યારે ‘સેવા’એ તેમાં પ્રતિનિધિત્વ કર્યુ હતુ અને વારંવાર અસંગઠિત કામદાર બહેનોની વાત મૂકી હતી. ત્યારે ઈલાબહેન ન હતા. અહી એશિયા પેસિફિક તરફથી હિદાયતભાઈએ સહુની સાથે મળીને એક વિચાર મુક્યો કે, ૨ નવેમ્બરને ‘આંતરરાષ્ટ્રીય દિવસ’ જાહેર કરીએ. આ ઠરાવનો ઉદ્દેશ્ય અસંગઠિતક્ષેત્રના કામદાર બહેનોનો અવાજ, દ્રશ્યતા અને માન્યતા (વોઈસ, વિઝીબીલીટી, વેલીડેશન) મળે. આજ દિવસની ખાસ રીતે ઉજવણી પણ થાય, જેમ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરીએ તેમ. આઈ.યુ.એફ. કોંગ્રેસમાં ૩ હજારથી વધારે પ્રતિનિધિ હતા, જેમાં આ ઠરાવને મુકવામાં આવ્યો, જેનો આ વૈશ્વિક સ્તર છે. આઈ.યુ.એફ. કોંગ્રેસે આ ઠરાવને પાસ કર્યો. ત્યારથી આપણે આજનો દિવસ એક આંતરરાષ્ટ્રીય દિન રૂપે ઉજવણી કરીએ છીએ.

આ દિવસની ઉજવણી માટે પહેલા વર્ષ ૨૦૨૩માં આઈ.યુ.એફ.ના રીજનલ સેક્રેટરી હિદાયતભાઈ ‘સેવા’માં આવ્યા હતા તેમજ જીનિવા ઓફિસથી સ્વેતલાનાબહેન આવ્યા હતા અને બધાએ સાથે મળીને આજના દિવસની ઉજવણી કરી હતી અને ત્યારે સેવા ચોકમાં ‘‘બોલતી ભીતો’’નું અનાવરણ પણ કરવામાં આવ્યું હતુ. ૨૦૨૪માં ફરીથી આઈ.યુ.એફ.ના પ્રધાનમંત્રી સુલોન્ગ્લીબહેન આવ્યા હતા અને એમની સાથે આજનો આ ખાસ દિવસ ઉજવ્યો હતો અને નવા વર્ષની ઉજવણી પણ કરી હતી. આજના દિવસને ખાસ દિવસ તરીકે ઉજવણી માટે કાયમ કર્યો છે, જે બહુ મોટો દિવસ છે જેની આપણે કાયમ આજ રીતે ઉજવણી કરતા રહીશું.

આ વર્ષે ‘સેવા’એ જૂન મહિનામાં જીનિવા આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઈ.એલ.ઓ.)ની આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદમાં ભાગ લીધો હતો. આ પરિષદનો એક એજન્ડા તે ‘નવિન અભિગમોથી અસંગઠિત ક્ષેત્ર, સંગઠિત ક્ષેત્ર તરફ જવા ભણી પ્રોત્સાહન’ હતો. જેમાં, ૨ નવેમ્બરના દિવસને આંતરરાષ્ટ્રીય દિવસ જાહેર થાય તેના માટે આઈ.એલ.ઓ.માં આ એજન્ડા દરમિયાન ચર્ચા થઈ. આપણા માટે ગૌરવની વાત છે કે, ઈલાબહેનના સન્માનમાં આ સમગ્ર ચર્ચા થઈ.

હાલમાં આજ ના દિવસને એક ખાસ દિવસની ઉજવણી રૂપે દુનિયાના અસંગઠિત ક્ષેત્રના મજૂર મંડળો તેને ઉજવી રહ્યા છે.

''હમ સબ એક હૈ''... ''સેવા સંગઠન ઝિંદાબાદ...'' અને ''ચાલીસ લાખ હો કે રહેગેં...''ના નારા સાથે સેવા ચોક ગુંજી ઉઠયો.

આજના આ ખાસ દિને આપણી સાથે આઇ.યુ.એફ.ના એશિયા-પેસિફિકના રીજનલ સેક્રેટરી હિદાયતભાઇ ઓનલાઇન જોડાઇને સંદેશો આપતા કહ્યું કે, ''એશિયા પેસિફિક ક્ષેત્રના તમામ સભ્યો તરફથી હું 'સેવા'ના સભ્ય બહેનોને એકતા તેમજ એકજૂટતાના અભિવાદન પાઠવું છું અને આજે તમારી સાથે મળીને ''અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી બહેનોનો ''આંતરરાષ્ટ્રીય દિવસ'' ઉજવતા આનંદ અનુભવું છું. આ કેટલી અદ્‌ભૂત સિદ્ધિ છે કે આપણે મળીને ૨ નવેમ્બરને આંતરરાષ્ટ્રીય સ્તરે સત્તાવાર રીતે સ્વીકાર અપાવ્યો છે !

આ ખરેખર એક મોટી સિદ્ધિ છે. જેનો અમને ગર્વ છે અને સાથે જ એ હવે અમારી ઉપર એક મોટી જવાબદારી પણ છે. એશિયા-પેસિફિકમાં, ૨ નવેમ્બર ''અસંગઠિત ક્ષેત્રના કામદારોનો આંતરરાષ્ટ્રીય દિવસ''ની ઉજવણી માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી જે જાગૃતિ લાવી રહ્યા છે. અમારાં હાલનાં એફીલીયેટ સંગઠનોને શીખવી રહ્યા છીએ કે અસંગઠિત ક્ષેત્રની બહેનો ને સંગઠિત કરવાનો પ્રયાસ સતત ચાલુ રાખવો કેટલો જરૂરી છે, જેથી તેઓ એકઠાં મળી પોતાની સામૂહિક સંઘર્ષ શક્તિનો ઉપયોગ કરીને પોતાના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવી શકે.



**ઈલાબહેનનું એરપોર્ટ પર સ્વાગત તેમજ ઉજવણી : ઘરખાતા કામદારોનો કન્વેન્શન ૧૭૭ પસાર થતાં**

આ એકતા અત્યંત જરૂરી છે. હકીકતમાં, અમારી આવનારી આઇ.યુ.એફ.ની પ્રાદેશિક પરિષદનું મુખ્ય સૂત્ર છે ''હિંમત, એકતા અને આશા'' મને લાગે છે કે આ સૂત્ર આ પ્રસંગ માટે યથાયોગ્ય છે. કારણ કે, ''સેવા''ના બહેનોની દાયકાઓથી ચાલતી અદ્‌ભૂત હિંમત અને અમારી આઇ.યુ.એફ.ની વર્ષોથી ચાલતી એકતા, બંને મળીને આજે આશાનો દિવો પ્રગટાવી રહી છે...

હું માનુ છું કે, ૨ નવેમ્બર ફક્ત અસંગઠિત ક્ષેત્રની બહેનોનો અવાજ, ઓળખ અને માન્યતા અપાવવા માટે અભિયાનનું પ્રતિક નહી રહે, પરંતુ આશાનું પણ પ્રતિક દેશોદેશમાં બની રહેશે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થામાં પસાર થયેલ ભલામણ ૨૦૪ને ૧૦ વર્ષ પુરાં થયા ત્યારે અસંગઠિત ક્ષેત્રને ગૌરવપૂર્ણ જો, સંગઠિત

ક્ષેત્રમાં પરિવર્તિત થાય તેને પ્રોત્સાહન આપવા નવિન અભિગમો ઉપર સામાન્ય ચર્ચાનો એજન્ડા હતો જે સર્વ સંમતિથી પસાર થયો. આ એજન્ડામાં એ આશા છે કે, દુનિયાના કોઇપણ દેશની અસંગઠિત ક્ષેત્રની શ્રમજીવી બહેનો સાથે મળીને પોતાની સામૂહિક શક્તિ ઉભી કરી શકે, પોતાનાં જીવન અને સમાજમાં પરિવર્તન લાવી શકે, ગરીબીમાંથી બહાર નીકળે અને જે અવરોધો રાખે છે, તેને પાર પાડી શકે. તેમજ પોતાના હક અને સ્વતંત્રતાનો ઉપયોગ કરીને તે સન્માનનીય જીવન જીવી શકે, જેનો શ્રમજીવી બહેનો હક ધરાવે છે અને લાયક છે. હું સાચે માનું છું કે, આ દિવસ વિશ્વભરની શ્રમજીવી બહેનો માટે આશાનું પ્રતિક બનશે. સહયોગ માટે ફરી એક વાર આભાર. ચાલો, સાથે મળીને કામ ચાલુ રાખીએ અને દર વર્ષે ૨ નવેમ્બરને સાથે મળીને ઉજવીએ.''

''આજે આપણે બહેન ઇલાબેનને યાદ કરીએ છીએ, એમ કહેતાં આઇ. યુ. એફ.ના પ્રધાનમંત્રી ક્રિસ્ટોજન બ્રાગશને ઓનલાઇન જોડાઇને સંદેશો આપતાં કહ્યુ કે, જેમણે ''સેવા''ની સ્થાપના કરી અને એમનું આખું જીવન અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી શ્રમજીવી બહેનોના સશક્તિકરણ માટે સમર્પિત કર્યું તે ઇલાબહેનને હું વ્યક્તિગત રીતે મળ્યો નથી, પરંતુ એમના યોગદાનની મને જાણ છે.

ઇલાબહેને એ બતાવ્યું કે, કામદાર બહેનો કોઇપણ ક્ષેત્રમાં અને કોઇપણ રીતે કામ કરતી હોય, તેઓને અવાજ, ઓળખ અને માન્યતા મળવી જ જોઇએ. તેમણે શીખવ્યું કે સંગઠન એટલે ફક્ત અધિકાર રક્ષણ માટે જ નહી પણ, શ્રમજીવી બહેનોને એ તાકાત આપવાનો માર્ગ છે જેના દ્વારા તેઓ પોતાનાં જીવન અને રોજગારને લગતા નિર્ણયો લઇ શકે. આઇ.યુ.એફ.ને ગૌરવ છે કે, અમે આઇ.ટી.યુ.સી. ગ્લોબલ યુનિયનોની કાઉન્સિલ અને આઇ.એલ.ઓ. સાથે મળીને ૨ નવેમ્બરને ''અસંગઠિત ક્ષેત્રની સ્ત્રી કામદારોનો 'આંતરરાષ્ટ્રીય દિવસ'' તરીકે માન્યતા અપાવવામાં જોડાયેલા છીએ.

ઇલાબહેનના વારસાને આગળ ધપાવવાનો અર્થ છે, અસંગઠિત ક્ષેત્રની કામદાર બહેનોને વધુ સંગઠિત કરવી, તેમની એકતાની શક્તિને મજબૂત બનાવવી. સાથે મળીને કામ કરીને આપણે લાંબા ગાળાનું પરિવર્તન સર્જી શકીએ તેમ છીએ. ઇલાબહેનના અદભૂત કાર્યને શ્રદ્ધાંજલિ આપીને, વિશ્વભરની શ્રમજીવી બહેનોને આર્થિક અને સામાજિક ન્યાય મેળવવા સક્ષમ બનાવી શકીએ છીએ.'' 'સેવા અમર રહો.'

''સેવા' સાથેનો મારો ઘણો ગાઢ સંબંધ રહ્યો છે,' આ શબ્દો હતા આઇ.યુ.એફ.ના શ્રુતિબહેનના. ઇલાબહેનના વિચારોને આગળ કઇ રીતે લઇ જવા એના માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવું પડશે. અમે યુવા પેઢી સાથે ઇલાબહેનના વિચારોને લઇ જઇએ છીએ. બાંગ્લાદેશમાં નેશનલ વુમન ફાર્મર્સ એન્ડ વર્કર્સ એસોસિએશને ગયા વર્ષે આજના દિવસે એક મિટીંગનું આયોજન કરી ખેતીકામ, હોટલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ અને ટુરિઝમમાં કામ કરતાં બહેનોને ઇલાબહેનના વિચારો જેમાં સામૂહિક પ્રતિનિધિત્વ અને સામૂહિક શક્તિ ઉપર જુદા જુદા પોસ્ટર તૈયાર કર્યા અને આ જોઇને સમજ્યા કે, એકતા અને સંગઠનથી દરેક કાર્યમાં સફળતા મળે છે. એવી બહેનોનું સંગઠન દેશ-પરદેશમાં પહોંચ્યું છે.



**આઇ.યુ.એફ.ના શ્રુતિબહેન દ્વારા '૨ નવેમ્બર આંતરરાષ્ટ્રીય દિવસ'ના જુદી જુદી ભાષાવાળા પોસ્ટરનું અનાવરણ**

તેવી જ રીતે, ઇન્ડોનેશિયા, ફિલિપાઇન્સ અને પાકિસ્તાન જેવાં દેશોમાં પણ આજ રીતે કામદાર બહેનો જે છે તેમણે આ પોસ્ટર જોયાં ત્યારબાદ, તેમની સાથે ચર્ચા કરીને નાનામાં નાના કામદાર બેનોને સંગઠન સાથે એકજૂટ થવા સમજ આપીએ છીએ. અસંગઠિત ક્ષેત્રના કામદારની વાત અને ઈલાબહેનના સાહસ અને સંઘર્ષની વાતો પણ એમના સુધી પહોંચાડીએ છીએ. 'સેવા'એ દશ્યતા અને મૂલ્યો સાથે ૫૦ થી આજે ૩૨ લાખ સભ્યો સુધી કેવી રીતે પહોંચી તેના ઇતિહાસની વાત કરીએ છીએ. જેનાથી તેઓ પણ જાગૃત થયા છે. ઈલાબહેનના વિચારો, લખાણો, પાઠ તેમણે કરેલા કામોને યુવાવર્ગ જેટલો જાણશે તેટલો યુવાનવર્ગ વધુ સંગઠનો સાથે જોડાશે.

આ બધા દેશોની સાથે જૂન ૨૦૨૫માં ઈલાબહેનની યાદમાં આઇ.યુ.એફ. એશિયા પેસિફિકમાં પહેલીવાર મોટી કોન્ફરન્સ રાખવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં ૫૫ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને નવેમ્બર ૨ તારીખને 'આંતરરાષ્ટ્રીય અસંગઠિત મહિલા કામદાર દિન' તરીકે આ કોન્ફરન્સના પ્રતિનિધિઓએ માન્યતા આપી હતી.




**આણંદ જિલ્લાના ખળી કામદાર અને 'સેવા'ના પ્રમુખ રમીલાબહેન**

ઈલાબહેનને લાખો લાખો વંદન કરું છું, તેમણે દેશના ખૂણે ખૂણેથી લાખો બેનોનું જીવન ધન્ય કર્યું છે, તેનો હું જીવતો જાગતું ઉદાહરણ છું. આ શબ્દો હતા, આણંદ જિલ્લાના ખળી કામદાર અને 'સેવા'ના પ્રમુખ રમીલાબહેનના. હું ક્યાં, કયા ખૂણામાં હતી તેની મને ખબર નહોતી. પણ, જ્યારે 'સેવા' મળી ને મારુ જીવન બદલાયું. સેવાની મારા પર બહુ મોટી કૃપા છે. જ્યારે હું 'બેન'ને મળતી હતી ત્યારે કંઈક ને કંઈક નવો વિચાર મળતો અને જીવન જીવવાનો રસ્તો પણ મળતો હતો. બેન ખબર-અંતર પૂછતાં. હું મારા દુઃખની વાત બેનને કહેતી અને બધું વિસરી જતી. ૪૮ વર્ષ સુધી મારે કોઈ બાળક ન હતું. ઈલાબહેને મને કહ્યું હતુ કે, ''સમય આવવા દો.'' ધીરે ધીરે સમય બદલાયો, મારે સારા દિવસો રહ્યાં. સાતમો મહિનો ચાલતો હતો ત્યારે, મને એવું થતું કે, હું ઈલાબહેનને મળુ. મેં એમને ફોન કરીને પૂછ્યું 'બેન', મારે તમને મળવું છે. બેને, કહ્યું હું સેવામાં કારોબારીની મિટીંગમાં હોઈશ તમે આવી શકતા હોય તો આપણે મળીએ. પણ તે દિવસે મારે દવાખાને જવાનું હોવાથી, હું તેમને રૂબરુ મળી શકી નહીં. પછી મેં ફોનથી વાત કરી તેમણે મને આશીર્વાદ આપ્યા બધુ સારું થશે. મેં વિચારી લીધું હતું કે, ૪૮ વર્ષે મારે છોકરું થશે પછી તો હું સેવામાં આવી જ નહીં શકું, ફરી મારું જીવન ચાર દિવાલની અંદર થઇ જશે. થોડા દિવસમાં મારે સેવા બંધ

થઈ જશે. ત્યારે, બેને ફરી મને આશીર્વાદ આપતાં કહ્યું કે, તમારી ત્રીજી પેઢી પણ 'સેવા'માં હશે ! એ આશીર્વાદ બેને મને અહી બેસીને આપ્યા હતા. આજે હું ખૂબ ખુશ છું કે, બેને આપેલા બધા આશીર્વાદ ફળ્યા છે, ૨૦૨૪માં સેવાની ચૂંટણીમાં હું ચૂંટાઈને આવી. મારા બધાં સપના પૂરા થયા છે, બેનને કોટી કોટી વંદન કરું છું.

વેચનારના સંગઠક ચંપાબહેન ઈલાબહેનને યાદ કરી સહુનું અભિવાદન કરતાં જણાવ્યું કે, આપણા વડિલોએ કીધું કે, આપણે આપણા દરેક કામમાં કે પ્રસંગમાં કહીએ છીએ કે, ઈલાબહેન આપણી સાથે જ છે અને કાયમ સાથે રહેશે, અસંગઠિત ક્ષેત્રની કામદાર બહેનો માટે બેને દરેક પ્રયત્નો કર્યા છે. હું એક વેચનાર બેન છું. થોડું ભણેલી હતી, પણ મને એ ખબર નહોતી કે હું મારા વેચવા વાળા માટે શું કરી શકું ? જ્યારે પોલીસ આવતી હતી કે, મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી દબાણવાળા આવતા અને વેચનારાનો માલ-સામાન લઈ જતા હતા. અમારા વેચનારા માટે કોઈ કાયદો નહોતો. પછી અમે ઈલાબહેનના પરિચયમાં આવ્યા અને 'સેવા'માં જોડાણાં. તેમણે અમને રસ્તો બતાવ્યો કે, ''આપણો દેશ હવે આઝાદ થઈ ગયો છે. પરંતુ, આપણે હજુ આઝાદ થયા નથી.'' એ કેવી રીતે ? મને પ્રશ્ન થયો. એમણે સમજાવ્યું કે, ''આપણા ઉપર પોલીસ જે કાયદો લગાવે છે એ બોમ્બે પોલીસનો કાયદો છે જે બ્રિટીશરોના વખતે આવ્યો હતો અને તે જ કાયદો હજુ પણ આપણા ઉપર લાગુ કરવામાં આવે છે.''



**ઈલાબહેન આપણી સાથે છે અને કાયમ રહેશે... વેચનાર ચંપાબહેન...**

જ્યારે પણ હું બેનને મળતી હતી એ યાદગીરી રહી જતી. જ્યારે ૧૯૮૫માં અહી રમખાણ થયાં ત્યારે ઈલાબહેન અમારા વિસ્તારમાં આવ્યા એ મને બરાબર યાદ છે, ત્યારે બેને મને કહ્યું, ''તમે કાર્યકર્તા બનશો ?'' ત્યારે મેં ના પાડી અને કીધું કે મારી પાસે સમય નથી. મારે ઘર ચલાવવું પડે છે. બેને કહ્યું, ''તમારી જેવા સમજદાર વ્યક્તિઓ બહાર નહીં નીકળે તો તમારા સમાજનું કામ કોણ કરશે ? મેં કહ્યું હું કાર્યકર્તા નહીં બનું પણ, 'સેવા'માં રોજે આવીશ. એટલે ૧૯૮૫થી લઇને લઈને અત્યાર સુધી સેવામાં આવું છું. બીજી વાત મને બરાબર યાદ છે. ૧૯૯૫માં બેને કહ્યું કે, ''ખુરશી નથી છૂટતી ?'' ત્યારે મેં બેનને પૂછ્યું કે, એનો શું મતલબ ? તો બેન કહે, કારોબારીમાંથી રાજીનામું આપી દો અને કાર્યકર્તા બનો.'' આ બધું કામ છે તે તમારે કરવાનું છે. રાષ્ટ્રીય સ્તર પર બધા રાજ્યોમાં જઈને વેચનારની શું પરિસ્થિતિ છે ? તેમનો સર્વે કરીને તેમને સંગઠિત કરવાના છે અને તેમના માટે કાયદો બનાવવાનો છે અને એ કરવું જ પડશે.'' ૧૯૯૬માં હું કાર્યકર્તા તરીકે જોડાઇને સર્વેનું કામ શરું કર્યુ, આખા

ભારતમાં ફરીને જ્યાં જ્યાં વેચનાર છે તેમની શું સમસ્યા છે તે જાણી અને ૧૯૯૮માં બેને ‘રાષ્ટ્રીય સંગઠન’ની શરૂઆત કરી. આખા ભારતના વેચનારાને એકઠાં કર્યા અને તેમના જે પ્રશ્નો હતા તેના પર કાર્યશિબિર કરી. ૨૦૧૪માં વેચનારનો કાયદો આવ્યો. માત્ર વેચનાર માટે જ નહી, ઇલાબહેને ઘરખાતા કામદારો માટે આઇ. એલ.ઓ. કન્વેન્શન બનાવ્યું. ૨૦૦૭માં શહેરી અસંગઠિત કામદારો માટે વેલ્ફેર બોર્ડ બનાવડાવ્યું, જેમાં કાગળ કામદાર બહેનો, અગરબત્તી બનાવતી બહેનો, કડિયા કામદાર બેનો હતા આ બેનો માટે બોર્ડમાં ઘણા પૈસા હતા પણ તેનો ઉપયોગ થતો નહોતો, ત્યારે ઇલાબહેને કીધું કે, આ પૈસા બેનો માટે છે તેમના કામ માટે આનો ખર્ચ થવો જોઇએ. જ્યારે પણ અસંગઠિત ક્ષેત્રની બહેનોને કોઇ પણ તકલીફ આવે તો ઇલાબહેન હરહંમેશ સાથે જ રહેતા. માથોડા કામદારોનો જ્યારે ભાવ વધારો નહોતો થતો ત્યારે પણ ઇલાબહેન જુલુસ કાઢયું અને કમિશ્નર કચેરી જઇને આવેદન પત્ર આપ્યું. બીડી કામદારો માટે જો ઘરનો પ્રશ્ન હોય કે, બાળકોની શિષ્યવૃતિના પ્રશ્નો હોય તેને હલ કરવાનું કામ ઇલાબહેને કર્યુ છે. ૧૯૭૨માં સંગઠન બનાવ્યું ત્યારે શ્રમજીઓ માટે મૂડીની તકલીફ પડતી. ત્યારે ૧૯૭૪માં ‘સેવાબેંક’ની શરૂઆત કરી. બેંક ઊભી કરવામાં પણ ઘણી તકલીફ પડી. બોર્ડ ડિરેક્ટર બેનો વેચનાર, બીડી કામદાર જેવાં બેનો. તેઓ સાવ અભણ તેમને સહી કરતા ના આવડે ! એ વખતે ઇલાબહેને ૧૧ બેનોને આખી રાત એક રૂમમાં બેસાડીને સહી કરતાં શીખવ્યું અને બીજે દિવસે ગવર્નરની સામે લઇ ગયા અને ૧૧ બહેનોએ ફટાફટ સહી કરી અને આમ આખા ભારતમાં પહેલી શ્રમજીવી બહેનોની બેંક ઉભી કરનાર એ આપણા ઇલાબહેન.



**‘સેવા’ની પહેલી કારોબારી સાથે ઇલાબહેન**

હું ઘણી ખુશનસીબ છું કે, મને ઇલાબહેનના હાથે ઘણી તાલીમ મળી છે. હું ક્યારેક કોઇ કામમાં હતાશ થઇ જતી અને ‘બેન’ને કહેતી કે હવે શું થશે ? ત્યારે ઇલાબહેન કહેતાં, ‘‘ડરશો નહી નામુમકીન કંઇ નથી, નામુમકીનમાંથી ના હટાવી દો તો બધું મુમકીન છે.’’

આપણી સાથે ઘણા બધા સાથીઓ જોડાયા છે સેવાની બીજી, ત્રીજી અને ચોથી પેઢી છે અને આગળ પણ આપણા સંગઠનમાં જોડાશે.

હવે મને સમજાય છે કે, પોતાના માટે કામ કરવાનું તો દરેક વ્યક્તિ જાણે છે પણ, બીજા માટે જે કરે તે ઈલાબહેન છે.

આજના દિવસે પાટણના સખીબહેને ઈલાબહેનની યાદમાં એક ખાસ ગીત લખ્યું છે જેના બોલ...

સેવાની બેનડિયુ મારી, સેવાની બેનડિયુ મારી,
મોજથી જીવે રે...
સેવાના બેનો દિલના ભોળા, સેવાના બેનો દિલના ભોળા,
ખોટીના કરે વાત...
ઈલાબહેનના માર્ગે ચાલે, ઈલાબહેનના માર્ગે ચાલે,
પોતાને આપે માન...
સેવાની બેનડિયુ મારી, સેવાની બેનડિયુ મારી,
મોજથી જીવે રે...

સભાને આગળ લઈ જતા, અનિષાબહેને આજના કાર્યક્રમમાં આપણી સાથે ફ્રીલાન્સર પત્રકાર નીલમબેન ઓનલાઇન જોડાયેલા છે તેમની ઓળખાણ આપતા, સ્વાગત કર્યુ.




**''વુમન વર્ક એન્ડ પીસ'' : ઈલાબહેન લિખિત બૂકનું હિન્દીમાં અનાવરણ...**
**સાથે જોડાયા તેના અનુવાદક નિલમબહેન ગુપ્તા**

૨૦૨૦માં ઈલાબહેને લખેલ બૂક ''વુમન વર્ક એન્ડ પીસ'' જે ઈંગ્લીશ અને ગુજરાતીમાં બહાર આવી હતી આજે તેનું હિન્દીમાં ભાષાંતર થયેલ બૂકનું અનાવરણ ઉપસ્થિત મહેમાનો અને 'સેવા'ના પ્રધાનમંત્રી સાથે મળીને કર્યુ. ''વુમન વર્ક એન્ડ પીસ''નો હિન્દીમાં અનુવાદ નિલમબહેન ગુપ્તાએ કર્યો. તેઓ આ પ્રસંગે અનિવાર્ય સંજોગથી જોડાઈ શક્યા ન હતાં પણ, ઓનલાઇન જોડાયા અને તેમને ઈલાબહેન સાથેના અનુભવોને યાદ કરતા જણાવ્યું કે, મારે ઈલાબહેન સાથે છેલ્લી મુલાકાત 'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણીમાં સાંજના સમયે પાછા વળતા બહાર નિકળતા થઈ હતી, ત્યારે તેમને મારો હાથ પકડીને મને કહ્યું હતુ કે, ''વુમન

વર્ક એન્ડ પીસ' બૂકના હિન્દી ભાષાંતર માટે હું તારા પર નિર્ભર રહું છું.'' હું એકદમ ચોંકી ગઇ. મેં કહયું શું કહો છોં ઈલાબહેન ? નેશનલ-ઇન્ટરનેશનલ લેવલે આખી દુનિયા તમને માને છે, તેમને આ બૂકના અનુવાદ માટે તમે કહો છો કે, તમે મારા પર નિર્ભર છો ! મેં તેમના ચરણ સ્પર્શ કર્યા અને મેં કીધું કે, આ પુસ્તકનું અનુવાદ જરૂરથી કરીશ, તમે ચિંતા ના કરશો. મને નહોતી ખબર કે, એ આ પુસ્તકનું અનુવાદ નહી જોઇ શકે. એના માટે મને દુઃખ છે.



**વિચારમગ્ન ઈલાબહેન**

'સેવા'ના ૫૦ વર્ષના અનુભવો અને ઈલાબહેનના વિચારોને સમજવા અને આમ સરળ હિન્દી ભાષામાં અનુવાદ કરવો એ મારા માટે એટલું સહેલું નહોતું... મને ખબર હતી કે, ઈલાબહેન શબ્દોને લઈને કેટલાં ચુસ્ત હતા. હું જ્યારે અનુવાદ કરતી ત્યારે તેમના દરેક શબ્દમાં વિચારતી અને તેમને યાદ કરતી અને તેઓ હંમેશા મારા મનમાં રહ્યા છે. મને આ પુસ્તકમાંથી શીખવા મળ્યું છે કે, એમણે લખ્યું છે કે, બહેનો ''૧૦૦ માઇલનો સિદ્ધાંત'' સંપોષક, અર્થવ્યવસ્થાને માને. 'સેવા' તો માને જ છે આ ત્રણ વસ્તુઓને અને બીજા લોકો જે અર્થવ્યસ્થા અને નિતિ-નિયમો ઘડવાવાળા માની જાય તો દુનિયાભરના પ્રશ્નો હલ થઇ શકે. માટે ઈલાબહેન માનતા હતા કે, આ બૂકનું હિન્દીમાં અનુવાદ થાય અને સૌ આ વાંચે.

આજના આ પ્રસંગે મિહિરભાઇ હાજર ના રહી શક્યા હોવાથી તેમને મોકલેલ સંદેશ જ્યોતિબહેને વાંચી સંભળાવ્યો:

પ્રિય બહેનો, વરિષ્ઠ બહેનો, સાથી બહેનો, છોટી બહેનો, ૨ નવેમ્બર, ઈલાબહેનની પુન્યતિથિ છે, આ મને અમૃત તિથિ લાગે છે. આપ બહેનો સ્વાશ્રયી સંગઠનના કામો સંગઠનમાં કરો યા આંદોલન રૂપે કરો, વ્યક્તિગત રૂપે કરો, અમદાવાદમાં કરો કે, ભારતમાં કરો, કોઇ પણ ગામ કે, શહેરમાં કરો તો તે, કામ ઈલાબહેનનું જ કામ હોય છે અને તે કામ 'બેન' જ કરતા હોય છે તેથી જ આ દિવસ મને અમૃત લાગે છે. તમે બહેનો એ જ ઈલાબહેનને 'ઈલાબહેન' બનાવ્યા છે. તે હું સમજ્યો છું અને જોયું પણ છે. ઈલાબહેનનું નામ ઇલા છે તો તમે બધા મારી નજરમાં 'મહાઈલા' છો. આજનો દિવસ તમારા જ ઉત્સવનો દિવસ છે. તમારી સફળતા અને ઉપલબ્ધિઓનો અવસર છે. તમારી મુસીબતો ને શાંતિથી મક્કમ મને પાર કરવાનો દિવસ છે. આજનો દિવસ તમામ અસંગઠિત ક્ષેત્રની મહિલાઓના નેતૃત્વના અવસરનો દિવસ છે. લાખો ગરીબ કામદાર બહેનોના આશીર્વાદથી આપણે પાંચથી વધુ દસકનો સમય પુરો કર્યો છે. પડકારોનો સામનો કરીને તેમાંથી બહાર આવવાનો ઉપાય તમે જાણો છો.

અંતમાં દરેક કામદાર બહેનોના જીવનમાં રોટી, કપડાં, મકાન, સ્વાસ્થ્ય શિક્ષણ અને પૂંજી વધે. તેથી દરેક બહેનને તેમની પસંદનું જીવન મળે. તમે સંગઠિત છો, થઇ રહ્યા છો અને થતાં રહેશો. સેવાની સભ્ય બહેનોનો બેડો પાર થશે. સેવામાંથી થોડો સમય મળે તો ઇલાબહેનના ઘરે જરૂર આવો. 'ટોય હાઉસ'માં તેમની પ્રિય મહેર બટર બિસ્કીટ અને ચા સાથે સમય પસાર કરવા ચોક્કસથી આવશો.



**'સેવા'ના ઇલાબહેન સાથેના સ્મરણો સંભારતા કેથીબહેન**

૪૦ વર્ષથી 'સેવા' સાથે જોડાયેલી છું, ઇલાબહેન સાથેનો મારો નિકટનો સંબંધ. આ વાત કરતાં ઇલાબહેનના પ્રિય સખી કેથીબહેન. તેમને કહ્યું કે, આજના દિવસે ઇલાબહેનને સન્માનિત કરવાનો મોકો મળ્યો તે બદલ સહુ સાથીઓનો આભાર માનું છું. પહેલી વાર હું ઇલાબહેનને ૧૯૬૨માં લગભગ ૬૩ વર્ષ પહેલા મળી હતી. ત્યારે અમારા બન્નેની ઉંમર ૨૫થી ૩૦ વર્ષની વચ્ચેની હતી. ત્યારે એ 'મજૂર મહાજન' સંઘમાં જોડાવાના હતા અને મારા લગ્ના મારા સ્વર્ગવાસી પતિ શ્રીધરની સાથે થવાના હતા, ત્યારે તો 'સેવા'નો જન્મ નહોતો થયો કે, ના તો તમારામાંથી ઘણા બધા બેનોનો જન્મ થયો હશે ! ઇલાબહેનના દાદાજી સ્વાતંત્ર સેનાની હતા તેમને આઝાદીની લડતમાં ભાગ લીધો હતો. ઇલાબહેનના પિતા વકિલ હતા. ઇલાબહેન ગાંધીજીના વિચારો અને મૂલ્યોને વરીને રહ્યા.

ઇલાબહેન જ્યારે પણ મને મળે ત્યારે એ ગાંધી મૂલ્યો પર વાત કરતા અને કાયમ એ વિચાર એમને ચરીતાર્થ કર્યો છે અને એ જ 'સેવા' છે. દૂર રહીને પણ મેં ઇલાબહેનના કાર્યોને કાયમ જાણ્યા, સાંભળ્યા અને જોયા છે. ફરી તેમને હું ૧૯૮૦માં મળી ત્યારે હું એક ફાઉન્ડેશનમાં જોડાઇ હતી, જે ભારતના શોષિત વર્ગને શોષણ મુક્ત કરે તેના પર કામ કરતું હતું, ત્યારે આખા ભારત વર્ષમાં 'સેવા' એક માત્ર એવું સંગઠન હતુ જે ઉભરીને સામે આવતું હતું. જે કામદાર બેનોનું સંગઠન કરતું હતું, કામદાર બેનોની નેતૃત્વ શક્તિ વધારવી, કામદાર બેનોના રચનાત્મક સંઘર્ષ માટે લડત આપવી, બહેનોની સહકારી મંડળીઓ બનાવી સંયુક્ત વિચારધારા સાથે આગળ વધતી હતી. ૧૦ હજાર બેનોનું સંગઠન અને એક માત્ર મહિલાઓની કોઓપરેટીવ બેંક એ 'સેવાબેંક' હતી.

એ વખતે મેં ઇલાબહેનને જણાવ્યું હતુ કે, મારે તમારી પાસેથી શીખવું છે કે, તમે બહેનોનું સંગઠન કેવી રીતે બનાવો છો ? તેમજ તેમના વિકાસની પ્રક્રિયા કેવી રીતે આગળ લઇ જાઓ છો. ત્યારે એમણે મને તેમની સાથે રાખીને દરેક વિસ્તારમાં



**૫૦ વર્ષની ઉજવણી વખતે આગેવાનો સાથે ઈલાબહેન...**

અને આખા ગુજરાતમાં જોડે ફર્યા, એ મને બરાબર યાદ છે, કેટલીયે ગરીબ બહેનો સાથે તપતપતા તાપમાં બેસીને મિટીગ કરી અને સૌ બેનોની એક માંગ હતી કે, અમને સારું કામ અને વેતન મળે. ઈલાબહેન આ બધુ શાંતિથી સાંભળતા અને મને કહેતા કે, સહુ સંગઠનમાં જોડાઈને બહેનોની પરિસ્થિતિ જાણીને તેમના પ્રશ્નો હલ કરવાનું કામ આપણે સાથે મળીને કરીશું.




**ઈલાબહેનની સભ્યો સાથે સમરસતા**

ઈલાબહેનની સાથે રહીને જે થોડાક દિવસમાં શીખી તે હું મારી કોલેજના ચાર વર્ષમાં જે ભણી હતી તેના કરતાં પણ ઘણું વધારે શીખવા મળ્યું હતું. બસ ત્યાંથી શરૂઆત થઈ સાથે કામ કરવાની ને ત્યારથી હું અને ઈલાબહેન એક પરિવારનો ભાગ બની ગયા. ત્યાર પછી જ્યારે પણ હું અમદાવાદ આવી હોઉં ત્યારે ‘સેવા’ની પ્રાર્થનામાં હંમેશા જોડાતી, ‘સેવા’માં કોઈ પણ કામની શરૂઆત તેઓ પ્રાર્થનાથી કરતાં. જ્યારે પણ સેવા કોઈ સેન્ટર કે, કોઈ ઓફિસની શરૂઆત કરતા ત્યારે ઈલાબહેન મને સંદેશ આપતા કે હું એ કાર્યક્રમમાં હું સાથે જોડાઉં એટલે ગણેશ સ્થાપનમાં કે, નવા કાર્યની શરૂઆત થાય.

હું જ્યારે અહી આવતી ત્યારે ઈલાબહેનના ઘરે ‘ટોય હાઉસ’ જતી અને તેમનો પ્રિય હિંચકો જેના ઉપર અમે બન્ને બેસીને વાતો જ વાતો કર્યા કરતાં અને સમય ક્યાં પુરો થાય એની ખબર જ નહોતી રહેતી. એમને મને શીખવ્યું કે, ‘‘આપણે માત્ર સંઘર્ષ જ નથી કરતું રહેવાનું પણ રચનાત્મક વિકલ્પ પણ સામે લાવવાનો છે.’’ ઈલાબહેન મને કાયમ સમજાવતા કે, ‘‘આપણા જીવનનો આધાર આપણા વિચાર પર રહેલો છે, અને એ ત્યારે જ વિચારી શકીએ જ્યારે આપણે કોઈને પ્રશ્ન પૂછી શકીએ. આપણું જે કામ છે અને જે કામ કરવાના છીએ તેનો પ્રભાવ બીજા ઉપર કેવો પડશે તે આપણે કામ કરતા પહેલાં વિચારવું જોઈએ. એમનું માનવું હતુ કે, આપણે સહુએ સાથે મળીને આગળ વધીએ અને કામ કરીએ.’’ એમના સવાલો જે આપણને આગળનો રસ્તો બતાવતા. ઈલાબહેનને જ્યારે હું વધારે સવાલ કરતી ત્યારે તેઓ હસીને મને કહેતા કે, આજે તો ‘‘મારું મગજ ખાઈ ગઈ.’’ જ્યારે પણ હું ઈલાબહેનને મળતી ત્યારે તેમને મારા માટે ખાંડવી જરૂરથી લાવતા અને ખવડાવતા, કારણ કે, મને ખાંડવી બહુ જ ભાવતી તી. ઈલાબહેન એમ કહેતા કે, અમદાવાદનો આઈસ્ક્રીમ દુનિયાનો શ્રેષ્ઠ આઈસ્ક્રીમ છે જે એ મને ખવડાવતા હતા. એમનો પરિવાર એક સાથે બેસીને ગીત ગાતા, રમત રમતા અને હું જ્યારે પણ મારી સાથે કોઈ મહેમાનને લઈને આવું મારા દેશમાંથી તો મારી જેમ જ તેમનું સ્વાગત કરતાં હતા.

ઈલાબહેનની દીકરી અમીના લગ્ન ‘ટોય હાઉસ’માં રાખ્યા ત્યારે પણ મને તેમને સામેલ કરી હતી. અને જ્યારે જ્યારે તેમને અમેરિકાની યુનિવર્સીટીમાંથી ડોક્ટરેટની પદવી મળી હતી ત્યારે એમને મને સાથે રાખી હતી. તેમને સેવાની આગેવાનોને પણ ઘણું પ્રોત્સાહન આપ્યું હતું કે, એ મારા ઘરે આવીને રહે, રાણીબહેન જે અહીયા ઉપસ્થિત છે તેઓ મારા ઘરે આવ્યા હતા અને ૧૦ દિવસ મારી સાથે રહ્યા હતા. વોશિંગ્ટનમાં સ્મિથસોનિયન યુનિવર્સીટીમાં ‘સેવા’નું કામ ચાલી રહ્યું હતું ત્યારે.

ઈલાબહેન જ્યારે પણ વોશિંગ્ટન આવતાં ત્યારે મારા ઘરે રોકાતા અને અમે સાથે બેસીને વાતો કરતા ત્યારે તેઓ ‘ગાંધીજીની વિચારધારા વિશે સમજાવતા. ગામની બહેનોમાં એ શક્તિ છે, જે આપણી મૂળભૂત જરૂરિયાત છે, રોટી-કપડાં-મકાન, આરોગ્ય સેવા, શિક્ષણ અને પૂંજી જે આપણાં ૧૦૦ માઈલની અંદર આપણને મળે રહે.

ઈલાબહેન કાયમ ભારતમાં બહેનોના હાથે બનાવેલી ચીજ-વસ્તુઓ જ વાપરતા હતા. એમણે ક્યારેય મારી પાસે વિદેશથી કોઈ વસ્તુ મંગાવી નહોતી કે ન તો સ્વપ્નેય વિચાર્યુ, જ્યાં સુધી તેમનો પ્રિય પૌત્ર રામેશ્વર જન્મ્યો ત્યાં સુધી. ધીરે ધીરે તે મોટો થયો અને તેના શોખ બદલાતા રહેતા. એક વર્ષ તેને જાપાનિઝ ભાષા શીખવાનું શરૂ કર્યુ ત્યારે તેને જાપાનિઝની બૂક મંગાવી. બીજા વર્ષે એને બગીચામાં નાખવા માટેના ખાસ બીજ, ત્રીજા વર્ષે એવા વાસણો જે ભારતમાં નહોતા મળતાં, એને ખાવા બનાવવાનો શોખ થયો તે વાસણ મંગાવ્યા, પણ ઈલાબહેને એક શરત રાખી હતી મારી અને રામેશ્વર સાથે કે, ‘‘અમે નવા વાસણો નહી મંગાવીએ, કેથી, તમારી પાસે જે વાસણ વાપરેલા છે તે તમે લઈ આવજો. પણ એવું તો હતું જ નહીં, ત્યારે હું બજાર જઈને વાસણો લાવીને તેને વારંવાર ઘસીને જુના જેવા દેખાય તેવા કર્યા અને પછી હું અહી લઈને આવી અને કીધું કે, આ અમે વાપરેલા વાસણ છે !

જેમ જેમ ‘સેવા’નો વ્યાપ થયો તેમ તેમ, ઈલાબહેનને ઘણી વખત સંયુક્ત રાજ્ય અમેરિકા આવવાનું આમંત્રણ મળતું હતું. તેમાંથી એક મને બહું જ યાદ રહી ગયુ તે છે, ‘સેન્ટર ઓન બજેટ એન્ડ પોલિસી’, અમેરિકાની સરકાર આવું બજેટ બનાવતી હતી તેના ઉપર આપણા મંતવ્યો આપવાના હતા. એમાં બહેનો અને બહેનોના કામ માટે ‘કમ બજેટ’ બનાવવા પર ચર્ચા થવાની હતી. ત્યારે ઈલાબહેન તેમની સાથે રેનાનાબહેનને લઈને ગયા બીજા ઘણા સંગઠનો સાથે આવ્યા, આ પોલિસી બની અને ત્યાર પછી ૧૦ વર્ષ આ કાર્યક્રમ ઉપર સાથે કામ ચાલ્યું.

એક એ મુલાકાત પણ મને બહુ યાદ રહી ગઇ છે જ્યારે ઇલાબહેન વોશિંગ્ટન આવ્યા હતા ત્યારે અમારા રાષ્ટ્રપતિના પત્નિ, હિલેરી ક્લીન્ટન (ફસ્ટ લૅડી)ને ખબર પડી કે, ઇલાબહેન અહીં આવ્યા છે તો તેમને ઇલાબહેનને વ્હાઇટ હાઉસ જ્યાં રાષ્ટ્રપતિ રહેતાં હતા ત્યાં બોલાવ્યા. ત્યારે, ઇલાબહેને હિલેરી ક્લીન્ટનને 'સેવા'માં આવવા આમંત્રણ આપ્યું અને હિલેરી ક્લીન્ટને પણ નક્કી કરી લીધું કે તેઓ 'સેવા'માં જરૂરથી આવશે. ઇલાબહેનને ખબર પડી કે, હિલેરીબહેન 'સેવા'માં આવવાના છે તો એમણે મને પણ એમની તૈયારી માટે અગાઉથી મદદ કરવા આવવા કહ્યું અને હું આવી. એ વખતે દરરોજ સાંજે સેવાના આગેવાન સાથે બેસતા અને નાનામાં નાની વસ્તુનું ધ્યાન કરતાં. એવી ઘણી યાદગાર પળોના ફોટો મેં મારા ઘરે સાચવી રાખ્યા છે.

ઇલાબહેને મને સમજાવ્યું હતુ કે, ''કોઇ કાર્યક્રમ તૈયાર કરવામાં એકાદ વર્ષ લાગે અને એક સંગઠન બનાવવામાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ લાગે અને ૨૦ વર્ષ એક આંદોલનને આગળ લઇ જવામાં લાગે છે.'' સેવાનું જે આંદોલન છે એ માત્ર ભારત પુરતું જ સિમિત રહ્યું નથી પણ હવે તે પડોશી દેશોમાં પણ છે અને આફ્રિકામાં પણ છે.

૫૦ વર્ષ પછી આજે ઇલાબહેન બેનોના જીવનમાં ઘણા બદલાવો લાવ્યા છે તે આજે આપણે અહીં ચરીતાર્થ કરી રહ્યા છીએ. હું ઘણા વર્ષો સેવામાં નથી આવી શકી એ અરસામાં ઇલાબહેન આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. પણ, આપણે બધા અહીંયા છીએ અને તેમને જે સંગઠન છોડયું છે તેને આપણે સાથે મળીને આગળ લઇ જવાનું છે, જે પડકાર આપણી સામે આવે છે તેને એકજૂટ થઇ સામનો કરીશું. મને થોડું દુ:ખ પણ છે અને ખુશી પણ થાય છે કે, ઇલાબહેને એવી બહેનોને સંગઠિત કર્યા છે જેમની પાસે ઓછા સંસાધનો છે, કોઇ તાકાત નથી હોતી, એવી બેનોનું સંઘબળ વધાર્યુ છે, સોદાશક્તિ વધારી છે, નવીપેઢીનો દરેક તબક્કે શક્તિવિકાસ કર્યો છે અને તેમને સ્વનિર્ભરતાની દિશામાં આગળ વધારી રહ્યા છો. ઇલાબહેન, કહેતા કે, ''ગાંધીજીએ કહ્યું છે કે, જો તમારે બદલાવ લાવવો છે તો પહેલાં આપણે બદલાવું પડશે અને એટલે હું માનુ છું કે, આપણે બલદાવ ત્યારે જ લાવી શકીશું જ્યારે એકતા કાયમ કરી શકીએ.'' હું પણ માનુ છું કે વિશ્વની દરેક બહેનો એક સાથે મળીને સંગઠિત થાય તો પુરા વિશ્વમાં ચમક લાવી શકો, અને ઇલાબહેન એમાના એક હતા જેમણે આખી દુનિયામાં ચમક લાવ્યા છે.

ત્યાર બાદ ખેડા-આણંદ જિલ્લાના ખળી કામદાર લલિતાબહેને પણ ઇલાબહેનની યાદમાં સંગઠનનું જે ગીત સ્વ. પાનીબહેન રોહિત કે જે તમાકુના ખળી કામદાર હતાં, તેમણે રચેલું ગીત ગાયુ જેને સહુએ સાથે મળી ઝીલ્યું

અમે સંગઠન કર્યુ સોમવારમાં રે,
અમે મિટીંગ કરી મંગળવારમાં રે,
અમે કામ કર્યુ બુધવારમાં રે,
અમને કાઢી મૂક્યા ગુરુવારમાં રે,
અમે કેસ કર્યો શુક્રવારમાં રે,
અમે જીતી ગયા શનિવારમાં રે,
અમે રાજી થયા રવિવારમાં રે,
બોલો 'સેવા'નો જય જયકારમાં રે....



**સૌનો આભાર માનતા કેરળથી આવેલા 'સેવા'ના ઉપપ્રમુખ સોનિયાબહેન**

આજના દિને સૌએ ઈલાબહેન સાથેની યાદો અને અનુભવોને તાજા કર્યા એ બદલ આભાર માનતા કરતાં, કેરળમાં જે સેવા ચલાવે છે તેમજ 'સેવા'ના ઉપપ્રમુખ સોનિયાબહેન કહે, આજનો દિવસ બહુ હૃદયદ્રાવક રહ્યો છે અને સાથે સાથે સૌમાં ઉત્સાહ પણ વધ્યો છે. બીજી ખાસ વાત કરું તો કે, શ્રુતિબહેન અને જ્યોતિબહેને જણાવ્યું તેમ, આંતરરાષ્ટ્રીય સ્તરે આઇ.યુ.એફ. દ્વારા ૨ નવેમ્બરને ''અસંગઠિત ક્ષેત્રના સ્ત્રી કામદારોનો આંતરરાષ્ટ્રીય દિવસ'' તરીકે મનાવવા જઇ રહ્યાં છીએ, અને એ વખતે હું પણ ત્યાં જ હતી જ્યારે આઇ.એલ.સી. આઇ.એલ.ઓ.માં મળી ત્યારે આ પ્રસ્તાવ મૂક્યો કે, ૨ નવેમ્બરને અસંગઠિત ક્ષેત્રના સ્ત્રી કામદારોનો દિવસ તરીકે મનાવવામાં આવે. ત્યારે, ઘણી ચર્ચા ચાલી હતી કે, કેમ આવો દિવસ મનાવવો જોઇએ ? આ પ્રસ્તાવ હવે આઇ.એલ.ઓ.ના જનરલ બોર્ડ પાસે ગયો છે અને મને વિશ્વાસ છે કે, જનરલ બોર્ડ આ પ્રસ્તાવને જરૂરથી સ્વીકારશે અને ઈલાબહેન અને 'સેવા'નું અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે જે યોગદાન રહ્યું છે તેની આખી દુનિયા આજના દિવસની ઉજવણી કરશે. આપણે આપણો નારો બોલીએ છીએ કે, ''૪૦ લાખ હો કે રહેગેં'' અને હમણાં 'સેવા' નેશનલ કાઉન્સિલની મિટિંગમાં આપણે નક્કી કર્યુ કે આપણે એક કરોડ થઈને રહીશું, અને આપણે ૩૨ લાખ સુધી તો પહોંચી જ ગયા છીએ. હવે આપણો નારો છે ''૧૦૦ લાખ હો કે રહેગેં'', ''હમ સબ એક હૈ'', ''હમ સબ સાથ હૈ.'' ઈલાબહેન આપણને હર એક દિન, હર એક પળ પ્રેરણા આપતા રહ્યા છે અને એમના આશીર્વાદ સાથે એમના કામ અને વિચારોથી આપણે સૌ આગળ વધતા રહીએ. આજે આપણે સૌ અહી એકત્ર થયા છીએ તો એમના સપના, એમના આદરેલા કાર્યો અને આંદોલનને સૌ સાથે મળીને આગળ લઇ જઇશું.

ગયા વર્ષે 'સેવા' સંગઠનમાં બીજા ત્રણ રાજ્યો નવા જોડાયા છે અને મને આશા છે કે, આવનારા વર્ષોમાં આખા ભારતને સેવામાં જોડીશું.

આપણે બધાએ એકજૂટ થઇને રહેવું પડશે, આખી દુનિયામાં ઘણી બધી કઠિનાઇઓ છે જેનો સામનો આપણે કરવો પડશે. 'સેવા'ના કામમાં ડગલે ને પગલે કઠિનાઇઓ આવે છે અને આવતી રહેશે, આ કઠિનાઇઓનો સામનો ત્યારે જ કરી શકીશું જ્યારે આપણે બધા એક થઇને રહીશું અને વધારેને વધારે બહેનોને સંગઠનમાં જોડીશું.

સૌએ સાથે મળી ''અમે પાર કરીશું'' ગીત ગાયુ ને સભા પૂર્ણ થઇ.

**- ગોમતી**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6-11, 22-11-25

**અનસૂયા**

- ૪૩માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા**

6-11, 22-11-25

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]